# ‘સાધુ તો ચલતા ભલા’

## શીર્ષક વિષે

‘સાધુ તો ચલતા ભલા’ એ માત્ર એક શીર્ષક નથી, પરંતુ આધ્યાત્મિક સાહસ અને સંપૂર્ણ સમર્પણની એક ઊંડી અભિવ્યક્તિ છે. તે અનિશ્ચિત માર્ગો પરના એવા પ્રવાસને સૂચવે છે જ્યાં કોઈ પૂર્વ-આયોજિત નકશો નથી, માત્ર કુદરત અને ઈશ્વર પરના અતૂટ ભરોસે જીવનના અજાણ્યા વળાંકોને સ્વીકારવાની તૈયારી છે. આ સ્મરણો ‘ચલતા ભલા’ સાધુની પરમ સ્વતંત્રતા અને નિર્મોહી સ્વભાવને પ્રગટ કરે છે જે ક્યાંય અટક્યા વગર સતત વહેતી નદીની જેમ નવા સ્થાનો અને અનુભવોને આત્મસાત કરે છે. એક ‘સાધુ’ તરીકેની આ નમ્ર જીવનશૈલી અને ત્યાગની ભાવના જ્યારે એક ‘ગાથા’નું સ્વરૂપ લે છે, ત્યારે તે માત્ર પ્રવાસના વર્ણન મટીને જીવનના ગહન સત્યો અને આંતરિક ખોજની એક પ્રેરણાદાયી મહાકથા બની જાય છે .

– **રાધાનાથ સ્વામી,** ISKCON

– **ગૌરાંગ દાસ,** ISKCON

# U.S.A
# આધ્યાત્મિક ગુરુની શોધ –
# બે જીવનની કથાઓ

એક જીવનમાંથી મને ઉગાર્યો.

આ મારા જીવનની કથા છે અથવા તેનાથી પણ વધુ સારી રીતે કહીએ તો, આ બે જીવનની વાર્તા છે : એક જીવન એ કે જેમાંથી મારા ગુરુદેવે મને ઉગાર્યો, અને બીજું જીવન જે તેમણે મને ભેટમાં આપ્યું. વ્યક્તિ ભલે એક જ છે, પણ તેનું એક જીવન અશાંતિ અને ભ્રમણાઓનું હતું, જ્યારે બીજું જ્ઞાન, આનંદ અને અમરત્વનું છે. મારા માટે આ કોઈ ચમત્કારથી ઓછું નથી – એક સફર, જે મને અંધકારમાંથી સેવા અને પરમાનંદ તરફ લઈ ગઈ.

મારી ગાથાનો આરંભ મારા હાલના જન્મથી થયો એમ કહી શકાય, પરંતુ હકીકતમાં, આ વાર્તાનાં મૂળ તો સદીઓ પુરાણા અનેક જન્મોમાં દટાયેલાં છે. જો એ પ્રાચીન કાળમાં કૅમેરા અસ્તિત્વમાં હોત, તો અત્યારે આ પુસ્તકનાં પૃષ્ઠો પર તમે મને રાજા કે ભિખારીના વેશમાં, પશુ કે માનવના દેહમાં, અને કીર્તિ કે અપકીર્તિનાં શિખરો પર વિરાજમાન જોયો હોત. આ વાર્તા એ જન્મો અને મૃત્યુના અનંત પ્રવાહની ઝલક છે.

અન્ય તમામ જીવનકથાઓની જેમ, મારી વાર્તાની શરૂઆત પણ એ જ દિવસથી શરૂ થાય છે જ્યારે એક નવા પરિવારમાં મારો જન્મ થયેલો. કૅલિફૉર્નિયાના પાલો અલ્ટો (Palo Alto)માં મારો જન્મ એક સમૃદ્ધ અને સહેજ અલગ કહી શકાય તેવા પરિવારમાં થયો – ખાસ કરીને મારી પાછલી પેઢીનો ઇતિહાસ ઘણો રોચક છે. મારા પિતાના જન્મ પહેલાં, મારા દાદા અમેરિકન ઉપનગરોના એકધાર્યા જીવનથી કંટાળીને એક સઢવાળા વહાણમાં તાહિતી (Tahiti) જવા નીકળી પડ્યા હતા. જેમને હું મારા દાદા તરીકે ઓળખતો હતો, તે હકીકતમાં મારી દાદીના પાંચમા પતિ હતા. તેમણે પેટ્રોલિયમ ટાંકીઓ માટેના અનોખા ઢાંકણાની શોધ કરીને અઢળક સંપત્તિ મેળવી હતી. તેઓ સ્વભાવે અત્યંત ઉદાર હતા, મારા પિતાના ઍડવર્ટાઇઝિંગ બિઝનેસમાં તેઓ હંમેશાં આર્થિક મદદ કરતા રહેતા.

અમારી પાસે વૈભવની કોઈ કમી નહોતી, તેમ છતાં જીવન કેટલું નિષ્ઠુર અને લાચાર હોઈ શકે છે તેનો પરિચય મને નાનપણમાં જ થઈ ગયો. માત્ર ચાર વર્ષની ઉંમરે હું 'સ્પાઇનલ

મેનિન્જાઇટિસ' (Spinal Meningitis) જેવી ગંભીર બીમારીનો શિકાર બન્યો. મને આજે પણ યાદ છે કે મારી બીમારી વિશે સાંભળીને મારી માતા ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી હતી. હૉસ્પિટલના એ એકલતાભર્યા મહિનાઓ અને કાળઝાળ તાવની પીડા હજુ પણ મારા મનમાં તાજી છે. એક વાર મેં નર્સોને મારા મૃત્યુ વિશે ગભરાટભર્યા અવાજે વાત કરતી સાંભળી હતી. એ સમયે હું અસહાય બનીને આશ્રય શોધી રહ્યો હતો અને મનમાં એક જ વિચાર આવતો– 'મારી મા ક્યાં છે? તે મારું દુઃખ કેમ દૂર કરતી નથી?'

મહિનાઓની મથામણ પછી આખરે દવાઓએ અસર બતાવી. જ્યારે હું હૉસ્પિટલની બહાર નીકળ્યો, ત્યારે મારામાં ઉંમરના પ્રમાણમાં વધુ સમજદારી આવી ગઈ હતી. માત્ર ચાર વર્ષની ઉંમરે હું એ કડવું સત્ય જાણી ગયો હતો કે જીવન કોઈ સુંદર પરીકથા નથી. એ નાનકડી વયે પણ મને સમજાઈ ગયું હતું કે ભવિષ્યમાં મારે કેવા સંઘર્ષો કરવા પડશે.

જ્યારે હું છ વર્ષનો હતો, ત્યારે અમે અમારા પડોશના કૂતરા 'ઓલ્ડ યેલર'ને ગુમાવ્યો. તે અમારા આખા વિસ્તારના છોકરાઓનો સૌથી પ્રિય મિત્ર હતો. એક કમનસીબ દિવસે રસ્તો ઓળંગવામાં જરાક મોડું થતાં પૂરપાટ ઝડપે આવતી એક કારે તેને ટક્કર મારી. એ કાર સહેજ પણ થોભ્યા વગર ત્યાંથી નીકળી ગઈ. કેટલાક છોકરાઓ ગુસ્સામાં પથ્થરો ફેંકતાં એ કાર પાછળ દોડ્યા, જ્યારે બાકીના અમે રડતા-કકળતા ઓલ્ડ યેલર પાસે બેસી રહ્યા. અમારી આંખો સામે તેની દમ તોડતી જિંદગી જોવી અસહ્ય હતી. તે સમયે આઇસક્રીમની ટ્રક લઈને આવેલા ફ્રેન્કલિનને અમે તેને બચાવવા માટે આજીજી કરી, પણ તેઓ લાચાર બનીને ઊભા રહ્યા – ત્યારે બહુ મોડું થઈ ગયું હતું. મારા બાળમનમાં ફરી એ જ સવાલ ગુંજ્યોઃ 'આવી આફતોમાં કોની પાસે મદદ માટે જવું?'

ઉંમર વધવાની સાથે શાળાનું શિક્ષણ મને નિરર્થક લાગવા માંડ્યું અને હું ઝડપથી ભ્રમમુક્ત થવા લાગ્યો. એક બાળક હોવા છતાં મને સમજાઈ ગયું હતું કે મૃત્યુ, વેદના અને સંઘર્ષે આ ચળકતી અને સમૃદ્ધ દુનિયાને અંદરથી કોરી ખાધી છે. મારા મિત્રોના ઘરે જતી વખતે મેં જોયું કે તેમનાં માતા-પિતા વચ્ચે સતત ક્લેશ રહેતો. મારી માતાની એક સખીએ તો હદ કરી નાખી; તે પોતાનાં બાળકો અને નિષ્ફળ લગ્નજીવનને ઠોકર મારીને નવા પ્રેમી સાથે નવું જીવન શોધવા નીકળી પડી. શાળામાં છોકરાઓ સામાન્ય લાગતી વાતમાં પણ હિંસા આચરતા. જે દિવસે મારા નાનાજીનું અવસાન થયું, મેં મારી માતાને અત્યંત લાચાર અને ભાંગી પડેલી જોઈ, પણ મને સમજાયું નહીં કે તેને કેવી રીતે સાંત્વના આપવી. અમારા પડોશમાં એક આત્મહત્યાની ઘટના પણ બની. મારી આસપાસ દરેક વ્યક્તિ કોઈ ને કોઈ દુઃખમાં ડૂબેલી હતી, છતાં કોઈ પણ એ પીડા વિશે વાત કરવા તૈયાર નહોતું અથવા કદાચ સક્ષમ નહોતું.

મારા ઘરમાં આધ્યાત્મિકતા કે ઈશ્વર વિશે ક્યારેય ચર્ચા થતી નહીં. મારાં માતા-પિતા બંને સ્ટેનફોર્ડ યુનિવર્સિટીનાં સ્નાતક હતાં અને ધર્મ પ્રત્યે તેમને કોઈ ખાસ રુચિ નહોતી.

તેમનો મોટા ભાગનો સમય ચિત્રકલા, તત્ત્વજ્ઞાન, કવિતાઓ, નવલકથાઓ અને વિજ્ઞાનનાં પુસ્તકો વાંચવામાં અથવા એકબીજા સાથે બૌદ્ધિક ચર્ચાઓ કરવામાં વીતતો. મારો સૌથી પાકો મિત્ર મોર્મન હતો. એક વાર તેના પરિવારે મને તેમના ચર્ચમાં આવવાનું આમંત્રણ આપ્યું, પણ મને ત્યાંના પાદરીની વાતોમાં શ્રદ્ધા ન બેઠી અને ત્યાંનું એ અંધકારમય વાતાવરણ મને માફક ન આવ્યું.

બહાર બધુ અંધકારમય દેખાતું હોવા છતાં, મારા સંપર્કમાં આવતી દરેક વ્યક્તિ એવું જ કહેતી કે જીવન તો સુખ અને આનંદ માટે છે, આ બધું જ મારી સમજની બહાર હતું. આખરે, મૂંઝવણના ઉકેલ માટે હું મારા દાદા પાસે ગયો. અમે દાદાના ભવ્ય બગીચાને નિહાળતાં પાછલા વરંડામાં બેઠા હતા. મેં તેમના વિશાળ મહેલ તરફ ઇશારો કરીને પૂછ્યું, ‘દાદા, શું જિંદગીમાં આ ભૌતિક સુખ-સાહ્યબી સિવાય બીજું કંઈ જ નથી?’

મારા પ્રશ્નના જવાબમાં તેમણે ગંભીરતાથી કહ્યું, ‘બ્રાયન, આ દુનિયાથી પર ઘણું બધું છે. શું તારાં માતા-પિતાએ તને ક્યારેય સ્વર્ગની વાતો નથી કહી?’ મેં માથું ધુણાવતાં કહ્યું, ‘ના, ક્યારેય પણ નહીં.’

તેમણે સમજાવતા કહ્યું, ‘જો બ્રાયન, સ્વર્ગનું અસ્તિત્વ છે. જો તું આ પૃથ્વી પર એક ઉમદા અને પવિત્ર જીવન જીવે, તો મૃત્યુ બાદ તને ત્યાં સ્થાન મળી શકે છે.’ મારા મનમાં જિજ્ઞાસા જાગી અને મેં પૂછ્યું, ‘પણ દાદા, એ સ્વર્ગ કેવું હોય છે?’

‘બ્રાયન, સ્વર્ગ એટલે એક એવો પ્રદેશ જ્યાં સુંદરતાનો ક્યારેય અંત આવતો નથી,’ તેમણે આગળ વધાર્યું, ‘ત્યાં તમે તમારી સિગારનો આનંદ લઈ શકો અને જેટલા ઇચ્છો એટલા જામ છલકાવી શકો. સાચું કહું તો, હું તો અત્યારથી જ એ દુનિયામાં પહોંચવા માટે ઉત્સુક છું!’

આ વાતચીતના થોડા જ સમય બાદ દાદાનું અવસાન થયું ત્યારે હું દુઃખી તો હતો, પણ સાથે સાથે તેમના માટે ખુશ પણ હતો, કારણ કે મને ખબર હતી કે તેઓ સ્વર્ગમાં જઈ રહ્યા છે અને તેઓ પોતે પણ ત્યાં જવા આતુર હતા. મને લાગ્યું કે આ દુનિયાની તમામ ગૂંચવણો અને મુસીબતોને પાછળ મૂકીને અન્ય કોઈ સુંદર જગ્યાએ પહોંચી જવું એ ખરેખર એક સુંદર વાત છે.

મારી કરુણા માત્ર માનવો પૂરતી સીમિત નહોતી; પ્રાણીઓ પ્રત્યેનું મારું આકર્ષણ અને તેમની વેદના પણ મારા હૃદયને અસર કરતી. માર્ગ પર પડેલાં નિર્જીવ પશુઓને જોઈને મારું મન ભરાઈ આવતું. મને યાદ છે કે બાર વર્ષની ઉંમરે, થૅન્ક્સગિવિંગના તહેવાર નિમિત્તે શિક્ષકે અમને મનગમતા ભોજનનું ચિત્ર દોરવા કહ્યું હતું. મેં કાગળ પર માત્ર વિવિધ શાકભાજી જ કંડાર્યાં. જ્યારે અન્ય બાળકોએ ટેબલ પર ટર્કી અને માંસાહારી વૅનગીનાં ચિત્રો દોર્યાં હતાં. ત્યારે મારું નિરામિષ ચિત્ર જોઈને સૌ મારી મશ્કરી કરવા લાગ્યા.

શરૂઆતમાં મારા પિતાને શાકાહાર પ્રત્યેનું મારુ વલણ જરાય પસંદ ન પડ્યું. જે દિવસે મેં માંસ ખાવાની ના પાડી, ત્યારે તેને મારી ઉદ્ધતાઈ સમજી, મને રાત્રિભોજન આપ્યા વગર જ સૂવા મોકલી દીધો. જોકે, સમય જતાં અમારા પડોશમાં કેટલાક સ્વાસ્થ્યપ્રેમી લોકો રહેવા આવ્યા, તેઓ નિયમિત વ્યાયામ કરતા અને શાકાહારી આહાર લેતા. તેમના પ્રભાવ હેઠળ મારા પિતા પણ શાકાહારી બની ગયા, પરંતુ હું સંપૂર્ણપણે શાકાહારી ત્યારે બન્યો જ્યારે પંદર વર્ષની ઉંમરે મારા પિતા મને એક કતલખાનાની મુલાકાતે લઈ ગયા. ત્યાં ગાયોને ગોળી મારતાં અને તેમનાં ગળાં કપાતાં જોઈને હું ધ્રૂજી ઊઠ્યો, મને ઊલટી થઈ ગઈ. એ જ ક્ષણે મેં આજીવન શાકાહારી રહેવાનો મક્કમ નિર્ધાર કરી લીધો.

કતલખાનાના એ હૃદયદ્રાવક અનુભવનાં થોડાં અઠવાડિયાં પછી, મારા પિતાએ મને ચિંતાતુર સ્વરે પાસે બોલાવ્યો. તેમણે કહ્યું, ‘બ્રાયન, તને કોઈ પણ વાતમાં રસ નથી એ જોઈને મને તારી ફિકર થાય છે. શાળા પૂરી કર્યા પછી તેં ભવિષ્યનું શું વિચાર્યું છે?’ મેં લાચારીથી જવાબ આપ્યો કે મને કશી ખબર નથી. તેમણે પ્રેમથી સમજાવ્યો કે મારે કોઈક શોખ કે રુચિ કેળવવી જોઈએ અને તેમણે મને રમતોની એક યાદી આપી. મેં આંખો બંધ કરી યાદી પર આંગળી મૂકી, જે ‘સ્વિમિંગ’ પર સ્થિર થઈ. હાઈ સ્કૂલના પ્રથમ વર્ષ સુધીમાં તો હું સ્વિમિંગ ટીમનો કૅપ્ટન બની ગયો હતો અને ઑલિમ્પિક્સ સુધી પહોંચવાનાં સપનાં જોઈ રહ્યો હતો. જોકે, સિનિયર વર્ષમાં મેં તે સમયની ફૅશન મુજબ વાળ લાંબા કર્યા. જ્યારે સ્વિમિંગકોચે મને વાળ કાપવાનો આદેશ આપ્યો, ત્યારે મેં મક્કમતાથી ના પાડી દીધી અને પરિણામે મને ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો.

ટીમમાંથી નીકળ્યા પછી મેં બીજી જગ્યાએ તરવાનું શરૂ કર્યું. સાન ફ્રાન્સિસ્કોની ઉત્તરે આવેલા ‘સ્ટિન્સન બીચ’ (Stinson Beach) પર હું મારા મિત્રો સાથે સર્ફિંગ કરવા જતો. સમુદ્રનાં ઊછળતાં મોજાં પર સવાર થઈને મને લાગતું કે હું કોઈ પરમ સંતોષની નજીક પહોંચી રહ્યો છું – એ આઝાદી, એ ગતિ અને આપણા અસ્તિત્વથી પણ વિરાટ એવી કોઈ શક્તિના સંપર્કમાં હોવાનો અહેસાસ મારા માટે અદ્ભુત હતો. છતાં, મનના કોઈ ખૂણે હંમેશાં અસુરક્ષિતતા મારી અંદર ડોકિયું કરતીઃ ‘જો અહીં કંઈક અઘટિત બને તો? શું ખરેખર કોઈ છે જે મારું રક્ષણ કરે?’

એ ઉનાળામાં અમે અમારો સામાન બાંધ્યો અને સર્ફિંગ માટેની શ્રેષ્ઠ જગ્યાની શોધમાં મેક્સિકો તરફ નીકળી પડ્યા. સાન બ્લાસ ખાતે જ્યારે અમે એક કિલોમીટરથી પણ લાંબાં વિશાળ મોજાંઓ પર સવાર થયા, ત્યારે અમારો રોમાંચ ચરમસીમાએ હતો, પરંતુ અસલી પડકાર તો ‘રોજર્સ બે’ ખાતે અમારી રાહ જોઈ રહ્યો હતો. ત્યાંનાં મોજાંઓ સંપૂર્ણ રીતે ‘ટ્યુબ’નો આકાર ધારણ કરતાં, જેમાંથી તમે પસાર થઈ શકો! પણ ત્યાં એક ગંભીર જોખમ હતું : એ પ્રચંડ મોજાંઓ પછી તીક્ષ્ણ કોરલ રીફ સાથે અથડાઈને તૂટી પડતાં.

તે દિવસે એ જોખમી કોરલ રીફ તરફ સર્ફિંગ કરવા માટે મને કોણે પ્રેર્યો, તે હું આજે

પણ નથી જાણતો. કેટલાક મિત્રોએ મને પડકાર્યો તો કેટલાક મને રોકાઈ જવા માટે આજીજી કરતા રહ્યા. હું કોઈ ગૂઢ હતાશામાં હતો. મેં એક અત્યંત વિશાળ અને પ્રચંડ મોજું પકડ્યું; મેં ઝડપથી ડાબી બાજુ વળાંક લીધો અને અચાનક હું મારી જાતને એ અદ્ભુત 'ટ્યુબ'ની અંદર વેગથી સરકતો જોઈ રહ્યો. એ રોમાંચની ચરમસીમા હતી! મને લાગ્યું કે બસ, આ જ એ ક્ષણ છે જેની મને તલાશ હતી! પણ એ જ ઉત્સાહમાં મેં એકાગ્રતા ગુમાવી અને સીધો પેલી ઘાતક કોરલ રીફ પર જઈ પછડાયો. ધારદાર પરવાળા (coral) જ્યારે મારી ચામડીને ચીરીને અંદર ઘૂસી રહ્યા હતા, ત્યારે પીડાથી હું ચીસ પાડી ઊઠ્યો. એ જ ક્ષણે મારા મનમાં પેલો જૂનો સવાલ ફરી ગાજ્યોઃ 'હવે આ સંકટમાંથી મને કોણ બચાવશે?'

હું એ તીક્ષ્ણ ખડકો પર પછડાતો અને ગબડતો આખરે કિનારાની નજીક પહોંચ્યો. કેટલાક સ્થાનિક ગ્રામજનો દોડી આવ્યા અને મને પાણીમાંથી બહાર ખેંચી કાઢ્યો. હું ખરેખર નસીબદાર હતો કે આટલા મોટા અકસ્માત પછી પણ જીવતો હતો; મારા ડાબા પગ પર એક ઊંડો ઘા પડ્યો, બાકી આખા શરીરે નાના-મોટા કાપા અને ઉઝરડા પડ્યા હતા. પણ એ દિવસે માત્ર મારું સર્ફબોર્ડ જ નહોતું તૂટ્યું, નિતનવાં મોજાંની મારી વર્ષો જૂની શોધનો પણ કાયમ માટે અંત આવી ગયો હતો.

અમેરિકા પરત ફર્યા પછી મારા મનમાં એક નવો વિચાર જાગ્યોઃ ભલે હું મારી જાતને ન બચાવી શક્યો, પણ હું બીજાના રક્ષણ માટે નિમિત્ત તો ચોક્કસ બની શકું. જાન્યુઆરી, ૧૯૬૮માં, હું મારા આઠ ગાઢ મિત્રો સાથે અમેરિકાના સર્વોત્તમ લડાયક એકમ 'યુનાઇટેડ સ્ટેટ્સ મરીન કોર્પ્સ'માં જોડાયો. અમે શાળાના સમયથી જ અભ્યાસ, ફૂટબોલ અને સ્વિમિંગમાં સાથે રહ્યા હતા. વિયેતનામમાં ફેલાઈ રહેલા સામ્યવાદને રોકીને દેશસેવા કરવાનો અમારો સંકલ્પ હતો. એક અતૂટ ભ્રાતૃભાવ સાથે યુદ્ધના મેદાનમાં ઊતરવું એનાથી શ્રેષ્ઠ માર્ગ બીજો કયો હોય? અમને દૃઢ વિશ્વાસ હતો કે સાથે મળીને અમે દુનિયામાં ચોક્કસ પરિવર્તન લાવી શકીશું. મને આશા હતી કે જો અમે વિયેતનામમાં વિજય મેળવીશું, તો કદાચ સમગ્ર વિશ્વમાં શાંતિ અને સુખ સ્થાપી શકીશું.